**રાજ્યમાં વધુ ૩૬૬ નવા કેસ : અમદાવાદમાં ૨૬૩ : ગાંધીનગરમાં ૧૨**


ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૬૯ | ૧૯ મે, ૨૦૨૦, મંગળવાર; વૈશાખ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# રાજ્યમાં નોનકન્ટેનમેન્ટ વિસ્તારોમાં વેપાર-ધંધાને છૂટ



**સમગ્ર ગુજરાતમાં એસટીસેવા શરૂ, અમદાવાદમાં રોક : કન્ટેન્ટમેન્ટ ઝોન સિવાયના વિસ્તારમાં હેર સલૂન, પાનના ગલ્લા શરૂ કરી શકાશે : કન્ટેન્ટમેન્ટ ઝોન સિવાય દુકાનો ઓડ ઇવન પ્રમાણે ખોલી શકાશે : કન્ટેન્ટમેન્ટ ઝોનના લોકો બહાર અવર-જવર કરી શકશે નહીં : રૂપાણી**

ગાંધીનગર, તા.૧૮

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે લોકડાઉન-૪ અંગેની ગાઈડલાઈનની જાહેરાત કરી હતી. સતત બે દિવસ ચર્ચા કર્યા બાદ આજે ગાઈડલાઈન રજૂ કરવામાં આવી હતી. આવતીકાલથી ૩૧મી મે રવિવાર સુધી ગાઈડલાઈન્સનો રાજ્યમાં અમલ કરી શકાશે. કેન્ટેન્ટમેન્ટ ઝોન અને નોન કન્ટેન્મેન્ટ ઝોન વિસ્તારો એમ બે ભાગ પાડીને રાજ્ય સરકારે કૌરના સંક્રમણને કાબૂમાં રાખવા સાથે આર્થિક ગતિવિધિઓ-રોજિંદી જીવન વ્યવહાર પ્રવૃત્તિઓને ગાઈડલાઈનને આધિન છુટછાટો આપવામાં વ્યુહ અપનાવ્યો હતો. મુખ્યમંત્રીએ રૂપાણીએ જણાવ્યું હતું કે, કન્ટેન્ટમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં સવારેના ૮વાગ્યાથી ચાર વાગ્યા સુધી વેપાર-ધંધા રોજગાર ચાલુ રાખી શકાશે. કન્ટેન્ટમેન્ટ ઝોન સિવાયના વિસ્તારમાં હેર સલૂન, પાનના ગલ્લા શરૂ કરી શકાશે. કન્ટેન્ટમેન્ટ ઝોન સિવાય દુકાનો ઓડ અને ઈવનના આધારે ખોલવાની મંજુરી પણ આપવામાં આવી છે. એક દુકાન પર પાંચથી વધારે ગ્રાહકો ઉભા ન રહી શકે તેની ખાતરી પણ કરવામાં આવશે. કન્ટેન્ટમેન્ટના લોકો બહાર અવરજવર કરી શકશે નહીં.સમગ્ર ગુજરાતમાં એસટી બસો શરૂ કરી દેવામાં આવશે પરંતુ અમદાવાદ શહેરમાં બસોને આવવા કે જવા દેવાશે નહીં તેમ મુખ્યમંત્રીએ કહ્યું હતું. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યમાં સૌ નાગરિકોનો કોરોના મહામારીના સંક્રમણ નિયંત્રણ માટેના પગલાંઓમાં સહયોગ-સહકાર માટે આભાર વ્યકત કર્યો

● અનુસંધાન પાન-૭ પર

# વાવાઝોડુ અમ્ફાન સુપર સાયક્લોનમાં ફેરવાયું



**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉચ્ચ સ્તરીય બેઠક યોજી : બુધવારે પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશનો દરિયાકિનારાને પાર કરી શકે છે**

નવી દિલ્હી, તા. ૧૮

ચક્રવાતી તોફાન 'અમ્ફાન' સુપર ચક્રવાતમાં ફેરવાઈ ગયું છે અને તે ૨૦મી મેના રોજ એક તીવ્ર ચક્રવાતી તોફાનની જેમ પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશના દરિયાકાંઠાને પાર કરી શકે છે. આને કારણે ઓડિશાના દરિયાકાંઠાના વિસ્તારો અને પશ્ચિમ બંગાળની ગંગા નદી નજીકના વિસ્તારોમાં જોરદાર પવન સાથે ભારે વરસાદ પડી શકે છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અમ્ફાનથી ઉભી થયેલી પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી રહ્યા છે. ગૃહ મંત્રાલય અને રાષ્ટ્રીય ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (એનડીએમએ) ના અધિકારીઓ

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
| --- | --- | --- | --- |
| વિશ્વ | ૪૮૪૧૦૩૪ | ૩૧૭૩૭૧ | ૧૮૭૮૪૧૯ |
| ભારત | ૧૦૦૦૨૦ | ૩૧૪૪ | ૩૮૧૫૬ |
| ગુજરાત | ૧૧૭૪૬ | ૬૯૪ | ૪૮૦૪ |
| ગાંધીનગર | ૧૮૦ | ૦૭ | ૬૮ |

# દેશમાં સંક્રમિતોની સંખ્યા ૧ લાખને પાર

**દેશમાં ૨૪ કલાકમાં વિક્રમી ૫૦૦૦થી વધુ કેસ : વધુ ૧૫૭ના મોત સાથે મૃત્યુઆંક ૩૦૩૯એ પહોંચ્યો : રાષ્ટ્રપતિ ભવનમાં તહેનાત એક એસીપીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો : કેસનો આંકડો ડબલ થવાના દિવસ ૧૩.૬ થયા**

ન્યુ દિલ્હી,તા.૧૮

વૈશ્વિક મહામારી કોરોના વાઈરસના પ્રકોપથી બચવા ભારતમાં આજથી લોકડાઉન-૪નો આરંભ થઈ ગયો છે ત્યારે સત્તાવાર આંકડા અનુસાર, છેલ્લાં ૨૪ કલાક દરમ્યાન દેશમાં કોરોના પોઝીટીવના અત્યારસુધીમાં સૌથી વધુ ૭૦૦૦થી વધુ કેસો બહાર આવ્યાં હતા અને ૧૫૭ લોકો કોરોનાથી માર્યા ગયા છે. તે સાથે જ દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૧૦૦૦૨૦એ પહોંચી છે. અને ૩,૦૩૯ લોકોના મોત થયા છે. મહારાષ્ટ્રમાં આજે સંક્રમિતોનો આંકડો ૩૩ હજારને પાર થયો છે. મહારાષ્ટ્રમાં કોરોના સંક્રમિત પોલીસકર્મીઓની સંખ્યા ૧૨૭૩એ પહોંચી છે. તો બીજા નંબરે રહેલા ગુજરાતમાં ૧૧,૩૮૦ લોકો કોરોનાથી સંક્રમિત છે. રવિવારે દેશમાં સૌથી વધારે ૫૦૧૫ સંક્રમિત મળ્યા હતા તો બીજી તરફ ૨૫૩૮ લોકો સારવાર બાદ સાજા પણ થયા હતા. મહારાષ્ટ્રમાં એક દિવસમાં ૨૩૪૭ લોકોનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. મહારાષ્ટ્રમાં હવે કોરોના દર્દીઓની સંખ્યા ૩૩ હજારને પાર થઈ ગઈ છે.

સૂત્રોએ કહ્યું કે ૨૫ માર્ચના રોજ લાગૂ કરાયેલા પ્રથમ લોકડાઉન બાદ તેમાં સતત વધારો કરીને હવે લોકડાઉન-૪નો આજથી પ્રારંભ થયો છે. જે ૩૧ મે સુધી અમલમાં રહેશે. લોકડાઉન-૪માં કેન્દ્ર સરકારે રાજ્યોને લોકડાઉનમાં છૂટછાટ આપવાની સત્તા આપી છે. લોકડાઉન ૪.૦ વચ્ચે પંજાબ સરકારે ટેક્સી-કેબને મંજૂરી આપી છે. જેમાં માત્ર બે યાત્રિઓ જ બેસી શકશે.

## છેલ્લે... છેલ્લે...

- પશ્ચિમ બંગાળ સરકારે ૩૧મી મે સુધી લોકડાઉન લંબાવવાની જાહેરાત કરી.
- ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગીએ કોંગ્રેસના ૧૦૦૦ બસો શ્રમિકો માટે ફાળવવાના સુચનને સ્વીકાર્યું.
- દેશમાં સૌથી વધુ કોરોના સંક્રમિત રાજ્યો

| | |
| --- | --- |
| મહારાષ્ટ્ર | ૩૫૦૫૮ |
| તામીલનાડુ | ૧૧૭૬૦ |
| ગુજરાત | ૧૧૭૪૬ |
| દિલ્હી | ૧૦૦૫૪ |
| રાજસ્થાન | ૫૩૭૫ |

## કોરોના વાયરસ આપોઆપ ખત્મ થઈ શકે : WHOના ડાયરેક્ટરનો દાવો

જિનિવા,તા.૧૮

વિશ્વ સ્વાસ્થય સંગઠનના એક કેન્સર પ્રોગ્રામના ડાયરેકટર રહી ચૂકેલા પ્રોફેસર કરોલ સિકોરાએ કોરોના વાયરસને લઇ મોટો દાવો કર્યો છે. સિકોરાએ કહ્યું કે કોરોના વાયરસની વિરૂદ્ધ દુનિયાભરમાં વેકસીન માટે જંગ ચાલી રહી છે તે પહેલાં જ તે ખત્મ થઇ શકે છે. તેમણે કહ્યું કે કોરોના વાયરસ વેક્સીન ડેવલપ થાય તે પહેલાં જ આપોઆપ ખત્મ થઇ શકે છે.

# ભારત સહિત ૬૨ દેશોએ ચીન સામે મોરચો માંડ્યો

**કોરોના પગલે ચીનને સજા આપવા ૬૨ દેશોએ ચક્રવ્યુહ બનાવ્યું : વર્લ્ડ હેલ્થ એસેમ્બલીમાં યુરોપિયન યુનિયન તરફથી પ્રસ્તાવ રજૂ કરાયો : ઇન્ટરનેશનલ હેલ્થ રિસ્પોન્સની નિષ્પક્ષ, સ્વતંત્ર અને વિસ્તૃત તપાસની માંગ**

નવી દિલ્હી, તા. ૧૮

કોરાના વાયરસની શરૂઆત વુહાન શહેરથી થઈ હતી તે તમામ લોકો જાણે જ છે. ઘણા રિપોટ્સમાં દાવો છે કે ચીને શરૂઆતમાં આ વાયરસના મામલા છુપાવ્યા. ધીમે ધીમે કોરોના સમગ્ર દુનિયામાં ફેલાઈ ગયો છે અને હવે સ્થિતિ એવી છે કે ત્રણ લાખથી વધારે લોકોના મોત થયા છે. ચીનની જવાબદારી નક્કી કરવાની ડિમાન્ડ દુનિયાના ઘણા દેશોએ ઉઠાવી છે. ચીનને એક રીતે 'સંરક્ષણ' આપવા માટે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન પર પણ સવાલ ઊઠી રહ્યા છે. હવે ભારત સહિત દુનિયાના ૬૨ દેશોએ આ બંને વાતને એક સાથે જોડીને સ્વતંત્ર તપાસની માંગણી કરી છે. સોમવારે વર્લ્ડ હેલ્થ એસેમ્બલીમાં યુરોપિયન યુનિયન તરફથી એક પ્રસ્તાવ રજૂ કરવામાં આવશે. જેમાં માંગણી કરવામાં આવી છે કે કોવિડ-૧૯ને લઈને ડબલ્યુએચઓના નેતૃત્વમાં ઈન્ટરનેશનલ હેલ્થ રિસ્પોન્સની 'નિષ્પક્ષ, સ્વતંત્ર અને વિસ્તૃત તપાસ' થાય. ડબલ્યુએચઓનો આ પ્રસ્તાવ સર્વસમંતિથી પસાર થઈ શકે છે. સૂત્રોએ દ્વારા પ્રાપ્ત કરેલ માહિતી મુજબ, પ્રસ્તાવની ભાષા એવી છે કે ના તો ચીન, અને ના તો અમેરિકાએ તેનો વિરોધ કર્યો. જોકે આ બંને દેશો ૬૨ દેશોના લિસ્ટમાં નથી જે પ્રસ્તાવને સમર્થન આપી રહ્યા છે. પ્રસ્તાવમાં ડબલ્યુએચઓ મહાસચિવને ઈન્ટરનેશનલ એજન્સી સાથે મળીને વાયરસના સોર્સની જાણકારી મેળવવા અને તે માનવોમાં કેવી રીતે ફેલાયો તેની

● અનુસંધાન પાન-૭ પર

# વિશ્વભરમાં કેસોની સંખ્યા ૪૮ લાખને પાર

નવી દિલ્હી,તા.૧૮

દુનિયાના ૨૧૦ દેશો કોરોના વાયરસના કારણે પ્રભાવિત બનેલા છે. દેશોની સરકારો આને લઇને ભારે ચિંતિત બનેલી છે. કોરોના વાયરસની વેક્સિન શોધવા માટે દુનિયાના તમામ વૈજ્ઞાનિકો લાગેલા છે પરંતુ આશાનું કોઈ કિરણ હજુ સુધી દેખાઈ રહ્યું નથી. દુનિયાના તમામ દેશો અને નાગરિકો કોરોનાને કારણે ત્રાહિમામ પોકારી ગયા છે. વિશ્વભરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૪૮૨૦૫૨૯ સુધી પહોંચી ગઈ છે એટલે કે આંકડો ૪૮ લાખથી પણ ઉપર પહોંચી ચુક્યો છે. વિશ્વમાં કોરોનાગ્રસ્ત દેશોની હાલત ખુબ જ ખરાબ બનેલી છે. કોરોના કારણે અર્થતંત્ર પર પણ ભારે નુકસાન થઈ રહ્યું છે. દુનિયાભરમાં રિકવર થયેલા લોકોની સંખ્યા ૧૮૬૬૨૬૭ સુધી પહોંચી ગઈ છે જ્યારે એક્ટિવ કેસોની સંખ્યા ૨૬૩૭૨૭૯ પર પહોંચી ચુકી છે. આવી જ રીતે દુનિયામાં મોતનો આંકડો પણ વધીને ૩૧૬૯૮૩ ઉપર પહોંચી રહ્યો છે. મોતનો આંકડો પણ ત્રણ લાખથી ઉપર પહોંચી ચુક્યો છે. ગંભીર રહેલા દર્દીઓની સંખ્યા ૪૪૭૮૧ પર પહોંચી ચુકી છે.


**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ગાંધીનગર**

એ.પી.એમ.સી. ગાંધીનગરનું આલમપુર હોલસેલ શાકમાર્કેટ સબયાર્ડ આગામી તા.૧૯-૫-૨૦૨૦ થી સવારે ૪.૦૦ વાગે શરૂ થશે તેની વેપારી, ખેડૂતો અને છુટક વેપારીઓને આથી જાણ કરવામાં આવે છે.

અશોકભાઈ એચ.પટેલ
ચેરમેન




VED INTEGRATED CAMPUS SARGASAN

સમગ્ર ગાંધીનગર જીલ્લામાં A1 GRADE મેળવનાર એકમાત્ર વિદ્યાર્થી વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણનો...

A1 GRADE માટે તો માત્ર વેદ જ...



શ્રેય મહેતા

વેદ પરિવાર તરફથી વિદ્યાર્થી અને માતા-પિતાને ખુબ ખુબ અભિનંદન...

+91 90678 08593, +91 84014 81007, +91 91730 20941